# 3. પગલાં



**સુન્દરમ્**

**જન્મ : ઈ.સ. 1908 મૃત્યુ : ઈ. સ. 1991**

સુન્દરમ્‌નું મૂળ નામ ત્રિભોવનદાસ પુરુષોત્તમદાસ લુહાર છે. તેઓનો જન્મ ભરૂચ જિલ્લાના મિયાંમાતર ગામે થયો હતો. તેમણે કવિતા ઉપરાંત વાર્તાઓ, નાટકો, પ્રવાસવર્ણન, ચરિત્રો વગેરે લખ્યાં છે 'રંગરંગ વાદળિયાં' તેમનો બાળ-કાવ્યસંગ્રહ છે. કાવ્યમંગલા, વસુધા, યાત્રા તથા પિયાસી જેવા પુસ્તકો છે. તેમને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીમાં તેઓ સેવારત રહ્યા હતા.

આ ગીતમાં નાનકડો બાળક પ્રકૃતિના વિવિધ સ્વરૂપો, જેમ કે સૂરજદેવ, પવનદેવ, સમદરદેવને પોતાની બનાવેલી ઓટલી પર પગલું પાડવા વીનવે છે. વળી સોનેરી પગલાં તેમાં નવલખ તારાની ભાત, સંધ્યાના રંગ, પરીઓના દેશની વાતો, ફૂલડાંની ફોરમ, મોતીના પગલાં, માણેકના દીવા વગેરે પ્રકૃતિનાં નવાં નવાં સ્વરૂપોને ભાવપૂર્વક માણે છે. બાળુડાની ઓટલી જળવાઈ રહે તેમ ધીરેથી, જાળવીને પગલાં પાડવાની પણ વિનંતી કરે છે.

આ પ્રકૃતિ ગીત છે. વિશ્વભરના સાહિત્યમાં સૌથી લાંબી પરંપરા સાથે જીવંત રીતે વિકસતું રહેલું કોઈ સ્વરૂપ હોય તો તે ગીત છે. ગીતથી જ કવિતાનો અને સાહિત્યમાત્રનો આરંભ થયો છે એમ મનાય છે. શબ્દોની સરળતા અને લયમધુરતા એ ગીતનું અગત્યનું લક્ષણ છે. ગીત સાહિત્ય અને સંગીતની સરહદ પરનો નિરાળો કલાપ્રકાર છે.

---

દરિયાને તીરે એક રેતીની ઓટલી
ઊંચી અટૂલી અમે બાંધી જી રે;
પગલું તે એક એક પાડે મહેમાન એમ
રામજીની આણ અમે દીધી જી રે.

પહેલા મહેમાન તમે આવો, સૂરજદેવ,
પગલું સોનાનું એક પાડજો જી રે;
પગલાંમાં નવલખ તારાની ભાત ને
સંધ્યાના રંગ બે'ક માંડજો જી રે.

બીજા મહેમાન તમે આવો, પવનદેવ,
પગલું આકાશી એક પાડજો જી રે;
પગલાંમાં વાત લખો પરીઓના દેશની,
ફૂલડાંની ફોરમ પૂરજો જી રે.

ત્રીજા મહેમાન તમે આવો, સમદરદેવ,
પગલું મોતીનું એક પાડજો જી રે;

પગલાંમાં મહેલ ચણી સાતે પાતાળના,
માણેકના દીવા પ્રગટાવજો જી રે.
ધીરે મહેમાન જરા ધીરેથી આવજો,
પગલાં તે પાડજો જાળવી જી રે;
જો જો વિલાય ના એ પગલાંની પાંદડી,
બાળુડે ઓટલી બનાવી જી રે.

('કાવ્યમંગલા' પુસ્તક : 1933માંથી)

## ટિપ્પણ

**તીર** - કિનારો, તટ, કાંઠો **અટૂલી** - એકલી, બધાથી છૂટ્ટી **આણ** - સોગંધ, કસમ **નવલખ** - નવ લાખ **ભાત** - છાપ, આકૃતિ પાડવી **સંધ્યા** - સાંજ, દિવસ અને રાત્રિ વચ્ચેનો સમય, રાત્રિ શરૂ થતાં પહેલાનો સમય, **બે'ક** - બે અથવા તો એક **માંડજો** - મૂકવું, શરૂ કરવું **આકાશી** - આકાશનું કે તેને લગતું (અહીં આકાશ જેવું) **ફોરમ** - સુવાસ, સુગંધ **સમદર** - દરિયો, સાગર **માણેક** - રાતો મણિ **વિલાવવું** - કરમાવવું, નાશ પામવું.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

1. બાળકોએ રેતીની ઓટલી ક્યાં બનાવી છે ?
2. રેતીની ઓટલી પર પગલું પાડવા માટે મહેમાનોને કોની આણ અપાઈ છે ?
3. ક્યાં ક્યાં મહેમાનોને પગલું પાડવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે ?
4. 'પગલાં' કાવ્ય કવિના કયા સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. સૂર્યદેવને વિનંતી કરતા બાળકો શું કહે છે ?
2. પવનદેવને કેવી રીતે પગલું પાડવાનું કહેવાયું છે ?
3. સમદરદેવને કેવી રીતે પગલું પાડવાનું કહેવાયું છે ?

**પ્રશ્ન 3. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ આપો.**

1. સંધ્યા    3. દેશ
2. આકાશ    4. દેવ

**પ્રશ્ન 4. નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય લખો.**

1. પાડજો    3. પૂરજો
2. માંડજો    4. પ્રગટાવજો

**પ્રશ્ન 5. નીચેના શબ્દોને ઉલટાવીને લખતા તેના અર્થમાં થતો ફેરફાર લખો.**

1. તીરે =    5. ખોલ =
2. લખો =    6. વાદી =
3. દીવા =    7. રાજ =
4. જરા =

### પ્રશ્ન 6. યોગ્ય જોડી ગોઠવો.

| | |
|---|---|
| 1. સૂરજદેવ | 1. સોનાનું પગલું પાડજો |
| 2. પવનદેવ | 2. મોતીનું પગલું પાડજો |
| 3. સમદરદેવ | 3. મેઘધનુષના રંગો પૂરજો |
| | 4. ફૂલડાંની ફોરમ પૂરજો |
| | 5. નદીઓનાં નીર સમાવજો |

### પ્રશ્ન 7. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.

1. ઊંચી 3. ફુલડાં
2. સુરજદેવ 4. દરીયો

## પ્રવૃત્તિ

'સૂર્યોદય' અને 'સૂર્યાસ્ત' સમયના વાતાવરણનું અવલોકન કરી, તેનું વર્ણન કરતો નિબંધ લખો.

## ભાષાસજ્જતા

આપણે ઘરમાં એક પ્રકારની ભાષા અથવા બોલી બોલીએ છીએ અને સ્કૂલમાં બીજા પ્રકારની ભાષા બોલીએ છીએ એવું તમારા ધ્યાનમાં આવ્યું હશે. પછી ઘરમાં બોલતા હોઈએ તે રીતે આદત પડી જાય છે. ગુજરાતની ભાષામાં પણ આવી આદત ન પડે તે માટે અત્યારથી જ કાળજી લઈએ-

ગુજરાતીમાં 'સ' અને 'શ'ના ઉચ્ચારણમાં ભૂલ પડતી હોય છે; 'સ' કેવી રીતે બોલાય ? જીભનું ટેરવું દાંત અને પેઢાં જોડાય ત્યાં અડાડીને બોલાય. ધીમેથી બોલી જુઓ; સાડી, સાત, સીતા વગેરે... 'શ' કેવી રીતે બોલાય ? જીભનો વચ્ચેનો ભાગ ઉપર તાળવાને અડાડીને બોલાય. ધીમેથી બોલી જુઓ : શરત, શાળા, શીતળા, શુર વગેરે...

બંનેનું સાચું ઉચ્ચારણ જાણીએ અને જરૂર પડે તો શિક્ષકની મદદ લઈએ.

★★★

આપણે કોઈ સાથે વાતચીત કરતાં હોઈએ ત્યારે જેમ બોલીએ તેમ લખતાં નથી. વાતચીત વખતે શબ્દો થોડા આડાઅવળા થાય તો ચાલે. સાંભળનારને સમજવામાં તકલીફ પડતી નથી. 'અમે આરામ કરીએ છીએ' એવું બોલવાના બદલે 'આરામ અમે કરીએ છીએ' એવું બોલી જવાય તો ચિંતા નહીં. પરંતુ લખતી વખતે ન ચાલે. વાક્યમાં જે શબ્દો સામાન્ય રીતે જ્યાં આવતો હોય ત્યાં જ રાખવા પડે. ખાસ કોઈ કારણ હોય તો જ શબ્દનું સ્થાન બદલવામાં આવે છે. વાક્યની રચના પ્રમાણે જ શબ્દો લખવામાં આવે તો જ તેનો ચોક્કસ અર્થ નીકળે. વાક્ય રચનામાં કર્તા, કર્મ અને ક્રિયાપદ વિશેની માહિતી શિક્ષક પાસેથી મેળવશો.